**લોક ઝંબેશ** **લોક આંદોલન**

## જન સ્વાસ્થ્ય સભા

જન સ્વાસ્થ્ય સભાનો ઉદેશ લોકોની આરોગ્ય સંબંધિત સમસ્યાઓના કાયમી ઉકેલ માટે જન આંદોલન શરૂ કરવાનો અને આવા આંદોલનોને ટેકો આપવાનો છે.રાજયસ્તરે આપણા રાજયની જુદી જુદી સંસ્થાઓ આ લોક ઝુંબેશ લોક આંદોલનમાં સ્વૈચ્છિક રીતે જોડાય અને લોકોના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ મેળવવાનો પ્રયાસ કરે તે માટે વડોદરા તેમજ અમદાવાદ ખાતે સંસ્થાઓના પ્રતિનિધિઓ ની બેઠકો મળી હતી.આવી સમાંતર પ્રક્રિયાઓ ભારતમાં દરેક રાજયમાં કરવામાં આવી હતી તેમજ વિશ્વના દેશોમાં પણ ઝુંબેશો /આંદોલનો શરૂ થયા છે.એટલે કે વિશ્વસ્તરે સ્વાસ્થ્ય અંગે લોકો જાગૃત બને તેવો મુખ્ય ઉદેશ છે.

તા.૩૦ નવેમ્બર ૨૦૦૦ અને ૧ ડિસેમ્બરનાં રોજ ભારતના દરેક રાજયામાંથી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ કલકતા ખાતે એકત્ર થયા હતા.તેમા શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર અમરેલીનાં પ્રતિનિધિ તરીકે જે.એમ.તળાવીયા તથા શ્રીમતિ વર્ષાબેન તળાવીયા એ ભાગ લીધો હતો.

તેમા નિચે પ્રમાણેના મુખ્ય મુદાઓ હતા.

૧.સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા માટેની વ્યુરચના
૨.બાળકોમાં કુપોષણ,બાળઆરોગ્ય અને ડે–કેર સેન્ટર
૩.તબીબી વ્યવસાયનું નિયંત્રણ અને સુધારા
૪.સામુદાયીક આરોગ્ય કાર્યકર અને સમુદાયી આધારીત આરોગ્ય નિયંત્રણ
૫.આફત આયોજન
૬.બાળમજુરી નાબુદી
૭.હિંસા અને સ્ત્રી આરોગ્ય
૮.ઘરગથ્થુ દવાઓ અને લોક ઉપચાર
૯.દવાઓનો યોગ્ય ઉપયોગ અને નિદાનતંત્ર
૧૦.પીવાનું પાણી,સેનીટેશન,પર્યાવરણ અને આરોગ્ય
૧૧.વીસ્થાપિતો અને આદિવાસીઓનું આરોગ્ય
૧૨.વસ્તી નિયંત્રણ અને ગર્ભનિરોધકોની પસંદગીના મુદા
૧૩.એચ.આઈ.વી.અને વસ્તી નિયંત્રણ કાર્યક્રમો નાં સંદર્ભ નિતિમતાના મુદાઓ
૧૪.તબીબી અને રસી સંશોધન તરાહ
૧૫.લઘુ ધિરાણ અને ગ્રામ્ય વ્યવસાય
૧૬.મહત્વના ચેપી રોગોનું નિયંત્રણ
૧૭.માનસિક આરોગ્ય
૧૮.આરોગ્ય સેવા માટે માનવ સંસાધન વિકાસ
૧૯.વિશ્વ આરોગ્ય સંસ્થા અને આરોગ્યક્ષેત્રમાં ખાનગીકરણ
૨૦.લોકોની આરોગ્ય સેવા–માંગણી પત્રકને આખરી સ્વરૂપ આપવુ

ઉપરના તમામ મુદાઓ ઉપર ચર્ચા કરવા એકત્ર થયેલા પ્રતિનિધિઓમાં ગુજરાત રાજયના ૭૦ પ્રતિનિધિઓ અલગ–અલગ સંસ્થામાંથી જોડાયા હતા.ઉપરોકત તમામ મુદાની તેમજ પ્લેનરી સેશનમાં હેલ્થ ચાર્ટરને સ્વિકૃતિ આપવામાં આવી હતી.તેમજ ઢાકાની આંતરરાષ્ટ્રિય સભા પછી કેવા પ્રકારની ચળવળો કરવી તે અંગેની ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં એક વખતના સ્વાતંત્ર્ય સેનાની અને રાણી ઝાંસી રેજીમેન્ટનાં કેપ્ટન લક્ષ્મીદેવીએ સોગંધ વીધી કરાવી હતી આ સાથે સભાની સમાપ્તી ની જાહેરાત કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય સભા ઢાંકા ખાતે ભાગ લેવા સૌરાષ્ટ્રના મધુભાઈ વેગડા સહિત ૭ વ્યકિતઓએ ભાગ લીધલ હતો.

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521
Date Of Issue1st of month

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨) ૨૩૫૨૫, ૨૫૧૫૭, ૨૫૧૯૮
E-mail hard@ad1.vsnl.net.in

**પાણી બચાવો,સંકટ ટાળો**

## મહિલા ઔદ્યોગિક સાહસિકતા અંગે કાર્યશાળા

તા.૫–૭ જાન્યુઆરી દરમ્યાન 'આનંદી' સંસ્થા આયોજીત મહિલા ઔદ્યોગિક સાહસિકતા અંગે કાર્યશાળા રાજકોટ નજીક ઢોલરા મુકામે યોજવામાં આવેલ જેમાં અલગ અલગ સંસ્થાના કુલ ૨૫ તાલીમાર્થીઓ એ ઉદ્યોગ અંગેની પ્રાથમિક માહિતીઓ તેમજ જરૂરી હિસાબો,સર્વે,માર્કેટીગ તેમજ સરકારી બિન સરકારી યોજના વિશે માહિતીઓ મેળવી હતી.સંસ્થા દ્વારા ચાલતા ઘનિષ્ઠપાઠયક્રમ ના શિક્ષિકા બહેન નિહારિકાબેન મારવણીયા તથા ગ્રામિણ કાર્યકર્તા રેખાબેન સેંજલીયા તથા શાન્તુબેન શેલાર ઉપસ્થિત રહયા હતા.

## મહિલા શકિતકરણ કાર્યશાળા

તા.૫–૭ જાન્યુઆરી દરમ્યાન 'સ્વરાજ' દ્વારા આયોજીત મહિલા શકિતકરણ કાર્યશાળા જુના કોબા–ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ જેમાં રિસોર્સ પર્સન તરીકે આનંદીબેન પટેલ,દમયંતીબેન પારેખ,નિતાબેન મહાદેવ,ડો.લક્ષ્મીબેન,રમેશભાઈ શાહ,ડો.લતાબેન વિ.એ ટુ વિમેન એમ્પારમેન્ટ,પંચાયતીરાજ માં મહિલાઓની ભૂમિકા,મહિલા કાર્યકર્તાઓના ગુણ કેવા હોવા જોઈએ,તેમજ સ્ત્રી શરીરની રચાના તેમજ પ્રજનન ની રચના વિશે વિડીયો કેસેટ દ્વારા સમજાવવામાં આવેલ.આ કાર્યક્રમમાં ફેમિલી કાઉન્સેલીગ સેન્ટરના રેખાબેન દોંગા તથા યુવતિ વિકાસ કેન્દ્ર નાં વિજયાબેન કુંકવાવ ઉપસ્થિત રહયા હતા.

## ગુજરાત વોલન્ટરી હેલ્થ એસોસીએશન

ગુજરાત વોલન્ટરી હેલ્થ એસોસીએશન દ્વારા તા.૧૯–૨૦ દરમ્યાન રાજકોટ ખાતે રીપ્રોડયુકટીવ ચાઈલ્ડ હેલ્થ,એકયુપ્રેસર તેમજ વોટર કન્ઝવેશન પરતાલીમ કાર્યક્રમ રાખવામાં આવેલ આ કાર્યક્રમમાં રાજકોટ ડાયેસ્ટના બિશપજી,રાજકોટ જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી ઉદાણી સાહેબ,ફાધર સી.સી.જર્યોસ ગુજરાત વોલન્ટરી હેલ્થ એસોસીએશનના વાઈઝ ચેરમેન હર્ષવર્ધનભાઈ જાની,સિસ્ટર આલફોન્જા થોમસ તેમજ અન્ય પ્રતિનિધિઓ હાજર રહયા હતા.સંસ્થાના પ્રતિનિધિ મમતા ગૌસ્વામી,વજુભાઈ ગોવિંદિયા,ભરતભાઈ ટીટીયા તથા ગ્રામિણ ક્ષેત્રના કાર્યકર્તા દયાબેન સેંજલીયા,દીલુબેન પરડવા,રમેશભાઈ ભંડેરી વગેરે હાજર રહયા હતા.

## ગુજરાત એઈડઝ અવેરનેસ એન્ડ પ્રિવેન્શન યુનિટ

ગેપ સંસ્થા આયોજીત એચ.આઈ.વી/એઈડઝ ના કાર્યક્ષેત્રમાં એન.જી.ઓ.ની ક્ષમતા વૃધ્ધિ(કેપેસીટી બિલ્ડીગ)કરવા સંસ્થાના વડાઓ ની મિટીગ ૨૧ જાન્યુઆરીના રોજ રાખવામાં આવેલ.આ મિટીગમાં સંસ્થાના વડાશ્રી ધીરૂભાઈ વાગડીયા,હરિરાજ ચેરીટેબલનાં સેક્રેટરી કુ.મમતા ગૌસ્વામી,પ્રોજેકટલીડરશ્રી સુરેશભાઈ ગોહિલ હાજરરહયા હતા.

## મહિલા સ્વરાજ અભિયાન

મહિલા સ્વરાજ અભિયાન આયોજીત પંચાયત મહિલા માહિતી કેન્દ્રની તાલીમ ૫–૭ જાન્યુઆરી દરમ્યાન અમદાવાદ ખાતે રાખવામાં આવેલ.તાલીમનો હેતુ પંચાયત મહિલા માહિતી કેન્દ્રની સમજ ઉભી કરવાનો હતો.આ તાલીમ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકતા વજુભાઈ તથાખાંભા તાલુકાના ધુંધવાણા ગામના સરપંચશ્રી સોમીબેન તથા કંટાળા ગામના સરપંચશ્રી પાર્વતીબેન હાજર રહયા હતા.

## રાલેગણ સિધ્ધિની મુલાકાત

વોટરશેડ વિકાસ યોજના અંતર્ગત યોજનાના છ ગામો(નાનૂડી,ઉમરીયા,તાતણીયા,લાસા,વિસાવદર,ધાવડીયા) માંથી ૨૪ બહેનો અને ૨૫ ભાઈઓ આ યોજનાના પ્રેરક રાલેગણ સિધ્ધિ (જી.અહમદનગર–મહારાષ્ટ્ર)ની મુલાકાત લીધી તેની વિગતો નીચે મુજબ છે.

આજથી ૨૫ વર્ષ પહેલા ગામમાં ૪૦૦ કુટુંબો હતા અને ૪૦ દારૂની ભઠ્ઠીઓ હતી.પાણીના અભાવે ખેતી થઈ શકતી નહોતી ૧૯૭૫માં અન્ના હજારે મિલ્ટ્રીમાંથી નિવૃત થઈ ૭૫ માં ગ્રામ સભા બોલાવી શરાબ છોડાવી દેવા જણાવ્યુ ત્યારે ગામ લોકોએ પ્રશ્નો કર્યો કે તો અમે ગુજરાન કેમ ચલાવીએ.અન્ના હજારેએ વિચાર્યુ કે બદલાવ લાવવામાં લોકોની મનોસ્થિતી બદલવી પડશે.તેમણે પોતાના ફંડમાં થી યાદવ બાબાનું મંદીર બનાવ્યુ અને તેમા લોકોને ભાગીદાર બનાવ્યા.આમ ગામ લોકો દરેક કામમાં સહયોગ આપવા લાગ્યા.ગામમાં પરલોકેશન ટેન્ક બનાવ્યુ હતુ તેને ઉંડુ ઉતારવા અને ઉપર લેવા માટે લોકોએ શ્રમદાન કર્યુ.આ પછી વિવિધ યોજનાઓ હજારેજી લઈ આવ્યા અને દરેક યોજનામાં લોકભાગીદારી લેવાનુ શરૂ કર્યુ.અને જળ સંગ્રહના કામો શરૂ કર્યા અને ખેતીમાં સુધારો આવ્યો.દારૂની ભઠ્ઠીઓ બંધ થઈ.બીડી,તમાકુ,દારૂના વ્યસનો બંધ થયા અને દારૂ પીનારને સજા કરવામાં આવે છે.

ગામમાં નશાબંધી,નસબંધી,કુલ્હાડી બંધી,ચરાઈબંધી અને શ્રમદાન પાંચ મંત્રો સ્વીકારવામાં આવ્યા.તેના કારણે વરસાદનું પાણી બહાર જતુ નથી અને હાલ ૧૦ ફૂટની ઉંડાઈએથી પાણી મળી રહે છે.

શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રના ગ્રામ વિકાસના આ નવા છ પ્રોજેકટના સમીતીના હોદેદારો, સ્વાશ્રયી/ઉપભોકતા જુથના જુથ લીડરો, વોટરશેડ વિકાસ ટુકડીના સભ્યોએ આ પ્રવાસથી યોજનાના કામો કઈ રીતે કરવા તેની માહિતી મેળવી હતી. પ્રવાસમાં અને સંસ્થાના કાર્યકરોમાં ૫૦ ટકા બહેનોની ભાગીદારી રહે છે. તે જાણી અન્ના સાહેબે કહયુ કે પહેલીવાર બહેનોની આટલી સામેલગીરી જોવા મળી છે.

**પ્રાણથી પ્યારુ બનાવો,પાણીનો અંત છે જાણીને**

**એઈડઝ**

(ACQUIREDIMMUNODEFIENCY SYNDROME)વર્તમાન સમયનો ખૂબ જ ઝડપથી ફેલાઈ રહેલો રોગ છે.માનવીએ ક્ષય(ટી.બી.)જેવા ભયંકર,પ્રાણઘાત રોગને પેનિસિલીન ની શોધ કરીને કાબૂમાં લીધો,શીતળા જેવા ભયંકર રોગને તેની રસીની શોધ દ્વારા નેસ્ત નાબુદ કર્યો અને ૨૦૦૧ માં પોલિયોને પૃથ્વી પરથી વિદાય કર્યો કેન્સર ના રોગ માટે વિકિરણ પધ્ધતિઓ,કેમોથેરાપી જેવી સારવાર વિકસાવી પણ હજુ એઈડઝ માટે ઘણુ શોધવાનું બાકી છે.આ રોગ આવ્યો કયાં થી ?

આફ્રિકાના ગ્રીનમંકી અને આફ્રિકન એપસ(વાનર)માં HIV(SIMIAN IMMUNODEFIEVCY VIRUS) નો ચેપ હતો ૧૯૫૦ ની સાલમાં પોલિઓની રસી માટે તેના ઉપર પ્રયોગો થતા હતા ત્યારે આ પ્રાણીઓના મૂત્રપિંડના કોષોમાંથી પાલિઓ વેકસીન તૈયાર કરવાની પ્રક્રિયા થતી હતી તે પ્રક્રિયામાં ઈન્જેકશન–સિરીજ જેવા સાધનો અન્યત્ર ઉપયોગમાં લેવાથી આ વાઈરસ મનુષ્યમાં દાખલ થયા અને માનવજાત માટે આફત આવી

સૌ પ્રથમ ૧૯૮૧માં ન્યુયોર્કમાં અને કેલિફોર્નિયામાં આ રોગ નોંધાયો ભારતમાં ૧૯૮૬ માં નોંધાયો એટલે કે આ રોગ માત્ર ૧૯ વર્ષનું આયુષ્ય ધરાવે છે તો સમય જતાં શું થશે ? માત્ર ૧ લી ડિસેમ્બરના રોજ વિશ્વ એઈડઝ દિન ઉજવવાથી આપણે આ રોગને નાબૂદ કરી શકીશુ ?જનજાગૃતિ માટે આ પ્રકારના દિન ઉજવવા જોઈએ તે જરૂરી છે પણ કેટલી વ્યકિતઓ એઈડઝ વિશે જાણે છે ?ગ્રામ્ય કક્ષાએ તેની શું સ્થિતિ છે.? ભારત ગામડાઓ નો દેશ છે. તેનો પ્રચાર ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય પધ્ધતિ મુજબ થવો જરૂરી છે.

**કંઈ રીતે ફેલાય છે ?**(૧) રૂધિરાધાન એટલે કે કોઈને જીવનદાન આપવા માટે અપાતા રકતથી (૨)એઈડઝ વાળી વ્યકિત સાથે જાતિય સમાગમ દ્વારા (૩)એઈડઝવાળી ગર્ભવતી સ્ત્રી બાળકને જન્મ આપે તો બાળકને આ રોગ હોય છે.(૪)એઈડઝવાળી સ્ત્રી બાળકને સ્તનપાન કરાવે તો તો બાળકને રોગ થાય છે.(૫)દવાઓ માટે વપરાતી ઈન્જેકશનની સિરીઝ અને નીડલ દ્વારા.(૬)અંગ પ્રત્યારોપણદ્વારા(દા.ત.કિડની પ્રત્યારોપણ)(૭)નશાકારક પદાર્થો લેનારી વ્યકિત આડેધડ સિરીઝ કે નીડલનો ઉપયોગ કરે ત્યારે (૮)એક જ અસ્ત્રાથી અલગ–અલગ વ્યકિત દાઢી કરેત્યારે.

આવા કિસ્સામાં એઈડઝના રોગવાળી વ્યકિત માધ્યમ બને છે કારણ આ રૂધિરદ્વારા ફેલાતો રોગ છે.

કાળજીઃ–(૧) ડિસ્પોજીબલ નીડલ–સિરીઝ નો ઉપયોગ કરવો (દવાખાનામાં કે પેથોલોજીકલ લેબોરેટરીમાં)આપણા દેશમાં આ બાબતમાં ખૂબ જ બેદરકારી રાખવામાં આવે છે ગ્રામ્યકક્ષાએ તેમજકેટલીક પેથોલોજીકલ લેબોરેટરીમાં ડિસ્પો.નીડલ સિરીઝ વપરાતા નથી કયારેક આવા સાધનો પાછલા બારણેથી ફરીવાર ઉપયોગમાં લેવાતા હોય છે માનવ જિંદગી મનટે આ બાબત જરાપણ બેદરકારી ચલાવી લેવાય નહી,આવા કિસ્સાઓ પકડીને તેમને કડકમાં કકડક સજા કરવી જોઈએ તે કંઈક ફેર પડશે.૨૦ મીનીટ સુધી આવા સાધનો ગરમ પાણીમાં ઉકાળી વાપરવા વધુ ઉતમ છે.(૨)માન્ય સંસ્થા મારફત કે માન્ય બ્લડ બેંકમાંથી તેના યોગ્ય પ્રમાણપત્ર સાથે ' બ્લડ ' મેળવવું,ધંધાદારી રકત દાતાનું બ્લડ લેવું નહિ.(૩)અનુક વ્યકિત સાથેનો શારિરિક સમાગમ ટાળવો(આપણા દેશમાં 'ચરિત્ર' અંગે કાળજી લેવાતી હોવાથી આ સંભાવના ઓછી છે)તેમ છતા નિરોધનો ઉપયોગ જરૂરી બને છે.(૪)એઈડઝવાળી સ્ત્રી ગર્ભવતી ન બને તેની કાળજી લેવી.

**લક્ષણો**ઃ–(૧) ચાર અઠવાડીયા સુધી શરીરમાં તાવ–કળતર થાક(૨)લાંબા સમય સુધી તાવ રહે તેનુ નિદાન ન થાય(૩)લોહીના ઝાડા થવા (૪)ભૂખ મરી જાય વજનમાં ઘટાડો થાયત્યારે એઈડઝની અસર છે તેને એ.આર.સી.કહે છે.(એઈડઝ રિલેટેડ કોમ્પસેલ)આવી વ્યકિતઓમાંથી વધુમાં વધુ૩૦ % લોકોને એઈડઝ હોય છે.(૧) વજનમાં ૧૦ ટકા જેટલો ઘટાડો(૨)ચામડી પર બરો મુતરી ગયો હોય તેવા ચાઠા પડે(૩)ન્યુમોનિયા થાય(૫)મોઢા કે ગળામાં ચેપ લાગે ત્યારે પૂર્ણકક્ષાનો એઈડઝ થયો છે.

**નોંધ:–**શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર દ્વારા યુવતી વિકાસ કેન્દ્ર ચાલે છે.હજારો બહેનોને એઈડઝ અંગે આ સંસ્થા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ છે,માર્ગદર્શન મેળવેલી બહેનોએ આ માહિતી ઘરે ઘરે પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.આવી રીતે કાર્ય કરીશુ તો જાગૃતિ દ્વારા આ રોગને વિશેષ ફેલાવતો અટકાવી શકીશુ.

બાકી તો આધુનિક સંશોધનોમાં આ રોગના એચ.આઈ.વી.–૧ અને એચ.આઈ.વી.–૨ની ઘણી માહિતીઓ મેળવવામાં આવી છે એ.ઝેડ.ટી. જેવી દવા શોધવામાં આવી છે.તેની કિંમત હાલમાં ૨૦,૦૦૦ ડોલર પ્રતિવર્ષ માટે થાય છે કારણ રોજ લેવાની દવા છે.ઈટાલીયનનાં લેડી વૈજ્ઞાનિક બાર્બરી એઈડઝની રસી શોધે છે વાનર ઉપર સફળતા મેળવી છે અને એપ્રિલમાં રોમના એઈડજનાં દર્દીઓને આપવામાં આવી છે.

ભવિષ્યની શોધ,ઔષધની કિંમતમાં ઘટાડો કરશે પણ અત્યારે આપણી સાવચેતી.....માનવીને બચાવશે ?

**બિપીન આર.જોષી (જીવવિજ્ઞાન શિક્ષક)**
**કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ–અમરેલી**

**જો પાણી જાય એળે તો દુઃખ આવે આપ મેળે**

# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ :૩ અંક : ૧ જાન્યુઆરી,૨૦૦૧

સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા

## ભૂકંપ

**તા.૨૬/૧/૨૦૦૧ ના રોજ આપણે સૌ આઝાદી પર્વ ઉજવી રહયા હતા ત્યારે...ગુજરાતના મોટા ભાગમાં ૧ મિનીટ ૪૦ સેકન્ડ સુધી ધરતીકંપના આંચકાઓ આવ્યા.**

**આનંદમાં....ભય દાખલ થયો આપણે જમીનમાંથી પાણી ખેળચવાનું ઓછુ કરેએ, કુદરતના પેટાળને કુદરતી સ્થિતિમાં રહેવા દઈએ તો કદાચ આવી આપતિમાં ઘટાડો કરી શકીશુ.ચાલો પ્રતિજ્ઞા કરીએ કે ધરતીના પેટાળની કુદરતી સંપતિનો ખૂબ જ ઓછો અને જરૂર પુરતો જ ઉપયોગ કરીએ.**

**આ ધરતીકંપમાં જેને કોઈને નુકસાન થયુ હોય તેને 'ટપક'**

**પરિવાર સહાનુભૂતિ દાખવે છે.**

**શુક્રવારે સવારે બનેલા આ ભયંકર બનાવ બાદ ભુકંપ પીડીતોની વહારે જવા સૌ ચિંતીત હતા. ત્યારે શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રમાં ૯ યુવાનોને દવા તથા આહારની સામગ્રી સાથે ભુજ જવા તૈયારી કરી, શનિવારે તેઓ ત્રણ વાહનો લઈ કચ્છ પહોંચ્યા. સોમવારે સંસ્થાના સીવીલ એન્જીનીયર શ્રી એમ.એ.બગડા, સરદાર યુવક મંડળ અને વિકાસ સમર્થન કેન્દ્રોના એન્જીનિયરો સાથે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી રાહત કામગીરી માટે કચ્છ પહોંચ્યા છે.**

## મહિલા સરપંચોની મિટીગ

તા.૨૨ના રોજ ખાંભા તાલુકાના મહિલા સરપંચો માટેની મિટીંગ સંસ્થાના ખાંભા કાર્યાલયખાતે રાખવામાં આવેલ.જેમાં મહિલા સ્વરાજ અભિયાનનાં કો–ઓર્ડીનેટરશ્રીમતિ પારૂલબેન પ્રજાપતિ,સંસ્થાના પ્રમુખશ્રી ધીરૂભાઈ વાગડીયા,વજુભાઈ વગેરે હાજર રહી પંચાયત માહિતી કેન્દ્ર અંગે ચર્ચા કરવામાં આવેલ.તેમજ તાલુકા પંચાયત કચેરીમાં પંચાયત માહિતી કેન્દ્ર શરૂ કરવા અંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી ની મુલાકાત તથા તાલુકા પંચાયતના મહિલા પ્રમુખશ્રી કમળાબેન બોદરની મુલાકાત લીધી હતી

## જો નંદીએ ભુલ ન કરી હોત તો......

નંદીએ ભગવાન શંકરનો પોઠીયો છે.તે આપણે સહુ જાણીએ છીએ અને તે બળદ શા માટે બની અહિં પૃથ્વી લોક પર મહેનત કરવા લાગ્યો તેની વાતથી કદાચ આપણે જાણકાર હોઈએ તો એક વખત ભગવાન શંકર અને પાર્વતી બંને કૈલાસ પર્વત પર ચર્ચા એટલે કે કંઈક અંગત વાતો કરતા હતા અને પોઠીયા ભગવાન શંકરનું વાહન એટલે તેને બહાર ચોકી કરવા રાખ્યો કે કોઈ આવે તો રોકજે અહી જરા ખાનગી વાતો થાય છે.આજ્ઞાપાલ નંદીએ તો બસ ફરજ પર જમાવી દીધી.

થોડીવાર પછી માનવોનું ટોળુ રાડો પાડતુ,મોટેથી બોલતુ આવી પહોંચયુ નંદીએ તેમને રોકયા અને આવવાનું કારણ પુછયુ તો માનવીઓ બોલ્યા અમારો પ્રશ્ન છે અને અમારે શિવજીને મળવું છે.નંદી કહે અત્યારે ખાસ વાતો ચાલી રહી છે.તમારે જે પ્રશ્ન હોય તે મને કહો હું પુછી આવુ.લોકો કહે કે તો પુછી ઓવો કે અમારે કયારે ન્હાવુ ?કયારે ખાવું ?નંદી તો ભગવાન પાસે ગયો અને પુછયુપ્રભુએ જવાબ આપ્યો ત્રણ વાર ન્હાય અને એકવાર ખાય.માથુ ધુણાવતો ,પુછ હલાવતો બડબડતો આવતો હતો ત્રણવાર ન્હાય,એકવાર ખાય,ત્રણવાર ખાય,એકવાર ન્હાય આમ વેણ ફરી જતા માનવીઓને આવી કહયુ કે તમારે ત્રણવાર ખાવાનું અને એકવાર ન્હાવાનુ લોકો તો જતા રહયા.મણદેવે ચર્ચા પુરી થતા નંદીને બોલાવી પુછયુ કે લોકોને જણાવી દીધુ નંદી કહે હા ત્રણવાર ખાય અને એકવાર ન્હાયકહી દીધુ.મહાદેવ તો વિચારે ચડી ગયા તો તે ઉંધુ કહયુ હવે અનાજ નો પ્રશ્ન થશે એટલે તુ બળદ બની પૃથ્વી પર જા અને ખેતી કર અનાજ પેદા કર તારી ભૂલની સજા તારે ભોગવવી રહી.

જો આ નંદીએ ભુલ ન કરી હોત તો આપણે ત્રણવાર ન્હાવા માટે અને એક જ ટંક ખાવા માટે ઘણી બધી પાણીની બચત કરી શકયા હોત અને આજે આવેલી પાણીની જાગૃતિ ઘણા વર્ષો પહેલા અહીં પહોંચી ગઈ હોત.આજની કટોકટી નો સામનો ન રહયો હોત આમ છતા જન જાગૃતિ અને વોટરશેડ જેવી યોજનાથી ચોકકસ આપણે જળ કટોકટી નિવારી શકીશું તો આવો પાણી બચાવીએ.....

**પ્રકાશભાઈ ભટ્ટી**

**શુધ્ધ રાખો વાણી,બચાવો વહેતું પાણી**